NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | |
|---|---|
| NAVSARI AGRICULTURAL UNIVERSITY | **નવસારી કૃષિ યુનિવર્સિટી**<br>**એરૂ ચાર રસ્તા, નવસારી** |
| **ડૉ. એમ. એસ.પુરોહીત**<br>**ઈ/ચા. કુલસચિવ** | **ફોન : ૦૨૬૩૭ / ૨૮૨૭૭૧ – ૭૫ (એક્ષ.૧૧૩૨)**<br>**ફેકસ : ૦૨૬૩૭–૨૮૩૭૯૪**<br>E-mail : registrarnau@yahoo.co.in M.No. 9825136793 |


બિડાણ : ઉપસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ , સચિવાલય, ગાંધીનગરના તા. ૩૧.૫.૨૦૧૩ ના ઠરાવ નં. ગકવ-૨૦૦૫/૫૩૦(પાર્ટ-૩)/ક.૨

વિષય: ગુજરાત કૃષિ યુનિવર્સિટી શિક્ષકોના કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ પગાર મુકરર કરવા બાબત.

---

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧-૧/ ૭૨૭૪-૭૩૨૩ /૨૦૧૨ તા. ૧૧.૬.૨૦૧૩

<u>નકલ સવિનય રવાના</u>

૧. અત્રેની યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ

૨/- આ સાથે ઉપસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૧.૫.૨૦૧૩ ના ઠરાવ નં. ગકવ-૨૦૦૫/૫૩૦(પાર્ટ-૩)/ક.૨ અન્વયે જાણ તથા ઘટતુ થવા સારુ

કુલસચિવ

ગુજરાત કૃષિ યુનિવર્સિટીના શિક્ષકોના કેરીઅર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ પગાર મુકરર કરવા બાબત.

ઉપસચિવ વિભાગ ન.કૃ.યુ., નવસારી
જા.ક્ર.નં. ૩૨૨૧
તા. ૧/૬/૨૦૧૩
એડીએમ-શાખા

**ગુજરાત સરકાર**
કૃષિ અને સહકાર વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ- ગકવ/૨૦૦૫/૫૩૦ (પાર્ટ-૩)/ક.૨**
સચિવાલય-ગાંધીનગર.
તારીખઃ-૩૧/૦૫/૨૦૧૩

**વંચાણે લીધાઃ-**

(૧) કૃષિ અને સહકાર વિભાગનો તા.૧૪.૬.૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ-ગકવ/૧૨૨૦૦૫/૫૩૦/ક.૨.
(૨) કૃષિ અને સહકાર વિભાગનો તા.૧.૪.૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃ-ગકવ/૧૪૨૦૦૯/૧૧૮૪/ક.૨.
(૩) કૃષિ અને સહકાર વિભાગનો તા.૨૯.૧૧.૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃ-ગકવ/૧૨૨૦૦૫/૫૩૦(ભાગ-૨)/ક.૨

**આમુખ -**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શિક્ષકોને કેરીઅર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ પાત્રતા ધરાવતા શિક્ષકોના પગાર વિસર્જિત ગુજરાત કૃષિ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ ૨૭ (એ) શિડ્યુલ-૮ ના નિયમ-૪૦ (૧) એટલે કે GCSR (Pay) Rules, 2002 ના નિયમ ૧૧.૧ મુજબ પગાર બાંધણી કરવામાં આવેલ અને તદ્અનુસાર શિક્ષકોના પગાર બાંધણીનું ઓડીટ પણ થઈ ગયેલ હતું.

૨. ત્યારબાદ આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૧૪.૬.૨૦૦૫ ના ઠરાવમાં દર્શાવેલ શરતો પૈકી શરત નં.૧૨ માં કેરીઅર એડવાન્સમેન્ટ યોજના હેઠળ પગાર બાંધણી માટે GCSR (Pay) Rules, 2002 ના નિયમ ૧૩ ધ્યાને લેવાની રહેશે તેમ જણાવેલ છે પરંતુ તેમાં શરત નં.૧૨ ની અસર કઈ તારીખથી આપવાની રહેશે તેમ સ્પષ્ટતા કરવામાં આવેલ નહિં. આમ, તા.૧૪.૬.૨૦૦૫ નો ઠરાવ થયો તે પહેલાં કેરીઅર એડવાન્સના કિસ્સામાં પગાર બાંધણી GCSR (Pay) Rules, 2002 ના નિયમ ૧૧ (૧) હેઠળ થયેલ હતી.

૩. હવે, આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૧.૪.૨૦૧૦ ના ઠરાવથી રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની ભલામણોના આધારે સુધારેલ પગાર ધોરણોનો લાભ મંજૂર કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં પણ કેરીઅર એડવાન્સમેન્ટ યોજના હેઠળ પગાર બાંધણી કયા નિયમ હેઠળ કરવી (નિયમ-૧૧ (૧) કે નિયમ-૧૩) તે અંગે કોઈ સ્પષ્ટતા થયેલ ન હોઈ આ અંગે યુનિવર્સિટી દ્વારા સરકારમાં દરખાસ્ત થતાં આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૨૯.૧૧.૨૦૧૦ના પરીપત્રથી સ્પષ્ટતા કરવામાં આવેલ હતી. આ બાબતે નિરીક્ષકશ્રી,

A 1-1
6/6
5/6

સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા ઓડીટ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ હતો. જે સંદર્ભે વિચારણામાં કરવામાં આવેલ છે. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

૪. કેરીઅર એડવાન્સમેન્ટ યોજના હેઠળ વધુ મહત્વની ફરજો કે જવાબદારીવાળી અન્ય જગ્યાએ નિમણૂક આપવાની હોતી નથી. આથી, રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગના મહેકમ માટેની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ લાગુ પડી ત્યારથી ગુજરાત મૂલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૩ મુજબ અને યથાપ્રસંગ તે પહેલાના પ્રવર્તમાન અનુરૂપ નિયમો મુજબ જ પગાર બાંધણી કરવાનું ઠરાવવામાં આવે છે અને તે મુજબ તમામ કિસ્સાઓમાં તમામ યુનિવર્સિટીઓએ કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૯.૪.૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B.R. Thakkar

**(બી.આર.ઠક્કર)**
**ઉપ સચિવ**
**કૃષિ અને સહકાર વિભાગ**

પ્રતિ,

- કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
- કુલસચિવશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ.
- કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
- કુલસચિવશ્રી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર-દાંતીવાડા.
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની પરિષદ, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ, સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓની કચેરીઓ.
- સેકશન અધિકારીશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(સદર પરિપત્રની નકલ વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવા વિનંતી છે)
- સીલેકટ ફાઈલ.
- શાખા કલેકશન, ક-૨ શાખા, કૃષિ અને સહકાર વિભાગ.

૧૨૧૪-૧૩૨૩